(139) SEAT No.________

# Sardar Patel University

total pages -4

## M.A. Examination / semester: 3 (Gujarati),

## Wednesday, Date:4/4/18 Time: 2.00 p.m. to 5.00 p.m.,

## Subject code PA03CGUJ07

## Subject/course Title: ભાષાવિજ્ઞાન linguistics

---

Total marks: 70

પ્રશ્ન : ૧ વસ્તુલક્ષી પ્રશ્નોના ઉત્તર આપો. ( ગુણ :૧0)

૧) યોગ્ય યુગ્મો રચો.

| યાદી-૧ | યાદી-૨ |
| --- | --- |
| ૧) જૂની પશ્ચિમી રાજસ્થાની | ૧) કે.કા.શાસ્ત્રી |
| ૨) અંતિમ અપભ્રંશ | ૨) તેસ્સિતોરી |
| 3) જૂની ગુજરાતી | 3) હરિવલ્લભ ભાયાણી |
| ૪) ગુજરાતીની પ્રથમ ભૂમિકા | ૪) નરસિંહરાવ દિવેટિયા |
| અ) ૧-3 ,૨-૪, 3-૧, ૪-૨ | બ) ૧-૪, ૨-૨, 3-3, ૪-૧ |
| ક) ૧-3 ,૨-૪, 3-૨, ૪-૧ | ડ) ૧-૨, ૨-૪, 3-૧, ૪-3 |

૨) નીચેનાં વિધાનોની યથાર્થતા ચકાસો.

વિધાનઃ ૧ ગુજરાતીનો 'શ' તાલવ્ય સંઘર્ષી છે.

વિધાનઃ૨ ગુજરાતીનો 'ષ' મૂર્ધન્ય અઘોષ છે.

અ) બન્ને વિધાનો સાચાં છે. બ) બન્ને વિધાનો ખોટાં છે.

ક) વિધાનઃ૧ સાચું ,વિધાનઃ૨ ખોટું છે. ડ) વિધાન : ૧ ખોટું,વિધાનઃ૨ સાચું.

(P.T.O.)

૩) નીચેનામાંથી કઇ વિગત અસંગત છે? તે જણાવો.

અ) ચરોતરી બોલી : દીચરો , 'હ'શ્રુતિનો પ્રયોગ

બ) ઉત્તર ગુજરાતની બોલી : વાખ , સાનુનાસિકતાનો લોપ

ક) સોરઠી બોલી : હેલ , 'ય'શ્રુતિનો પ્રયોગ

ડ) દક્ષિણ ગુજરાતની બોલી : પોયરી , 'ળ'નું 'ડ' ઉચ્ચારણ

૪) નીચેનાં વિધાનોની યથાર્થતા ચકાસો.

વિધાન :૧ નાદતંત્રીની નિષ્કંપ અવસ્થામાં ઘોષ ધ્વનિ ઉત્પન્ન થાય છે.

વિધાન :૨ નાદતંત્રીની સકંપ અવસ્થામાં અઘોષ ધ્વનિ ઉત્પન્ન થાય છે.

અ) બન્ને વિધાનો સાચાં છે. બ) બન્ને વિધાનો ખોટાં છે.

ક) વિધાનઃ ૧ સાચું ,વિધાનઃ ૨ ખોટું છે. ડ) વિધાન : ૧ ખોટું,વિધાનઃ ૨ સાચું

૫) નીચેનામાંથી કયું યુગ્મ સાચું નથી?

અ) ધર્મ ,ધામ બ) એકષષ્ઠિ,એકસાઠ

ક) કષપટ્ટિકા ,કસોટી ડ) ચતુષ્ક,ચોક

૬) સંયુક્ત વ્યંજનનું સરલીકરણ કઈ ભાષા ભૂમિકાનું ધ્વનિપરિવર્તન છે?

અ) ગજરાતીની પ્રથમ ભૂમિકા બ) ગુજરાતીની દ્વિતીય ભૂમિકા

ક) ગુજરાતીની તૃતીય ભૂમિકા ડ) પ્રાકૃત ભાષા

૭) નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

વિધાનઃ૧ 'ઙ' અને 'ઞ' અન્ય અનુનાસિકો સાથે ભેદકધર્મ ધરાવે છે.

વિધાનઃ૨ 'ઙ' અને 'ઞ' પરસ્પર સાથે ભેદકધર્મ ધરાવતા નથી.

અ) બન્ને વિધાનો સાચાં છે. બ) બન્ને વિધાનો ખોટાં છે.

ક) વિધાનઃ૧ સાચું ,વિધાનઃ૨ ખોટું છે. ડ) વિધાન : ૧ ખોટું,વિધાનઃ૨ સાચું

૮) મધ્યમ ભારતીય આર્યભાષામાં આવેલ પરિવર્તન માટે નીચેનામાંથી કયો વિકલ્પ સાચો છે?

અ) 'શ'નો 'સ' બ) 'સ'નો 'શ' ક) 'ડ'નો 'ળ' ડ) સંયુક્ત વ્યંજનનો વિશ્લેષ

૯) નીચેની બન્ને યાદીને આધારે યોગ્ય યુગ્મો રચો.

| યાદી-૧ | યાદી-૨ |
|---|---|
| ૧) કન્નડ | ૧) આર્ય ભાષાકુળ |
| ૨) આસામી | ૨) મોનખ્મેર |
| 3) મણિપૂરી | 3) દ્રવિડી ભાષાકુળ |
| ૪) મુંડા | ૪) ચીની-તિબેટી ભાષાકુળ |

અ) ૧-3 , ૨-૪, 3-૧, ૪-૨ બ) ૧-૪, ૨-૨, 3-3, ૪-૧

ક) ૧-3 , ૨-૧, 3-૪, ૪-૨ ડ) ૧-૨, ૨-૪, 3-૧, ૪-3

૧0) નીચેનામાંથી કઈ વિગત અસંગત છે તે જણાવો.

અ) વૈરુપ્ય ,ગજાનન બ) સારુપ્ય, કાપો પાપડ

ક) વ્યંજનલોપ ,મસાણ ડ)વ્યત્યય , મતલબ

પ્રશ્નઃ ૨ ભાષાની વિભાવના સ્પષ્ટ કરી, માનવભાષાના સંકેતો પ્રાણીઓના સંકેતોથી કઈ દૃષ્ટિએ વિશિષ્ટ છે તે જણાવો.

( ગુણ : ૧૫)

અથવા

ટૂંકનોંધ લખો. (બન્ને)

અ) ભાષા વર્ગીકરણની પદ્ધતિઓ બ) ભાષાઅધ્યયનની પદ્ધતિઓ

પ્રશ્ન : 3 ગુજરાતીના સ્વર, વ્યંજનોની ઉચ્ચારણપ્રક્રિયાનો પરિચય કરાવો

( ગુણ : ૧૫)

અથવા

ટૂંક નોંધ લખો. (બન્ને)

અ) ધ્વનિ/ધ્વનિઘટક/ઉપધ્વનિઘટક

બ) ગુજરાતી ભાષાના અનુનાસિકો

પ્રશ્નઃ ૪ ભાષા/વાણી/બોલી/લિપિ વચ્ચેનો તફાવત જણાવી કોઈ એક પ્રાદેશિક બોલી વિશે વિગતે જણાવો.

અથવા. ( ગુણ : ૧૫)

ટૂંક નોંધ લખો. (બન્ને)

અ) ભાષાના સામાજિક ભેદો

બ) ભાષાના સહવર્તી ધર્મો : જંકચર , સૂર , ભાર

પ્રશ્ન : ૫ ગુજરાતી ભાષાનો ઉદ્દભવ અને વિકાસ વિગતે જણાવો.

અથવા. ( ગુણ : ૧૫)

ટૂંકનોંધ લખો. (બન્ને)

અ) આર્ય ભાષાકુળ

બ) મધ્યમ ભારતીય આર્યભાષા

---

(4)